# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## ગાંધીનગર

# એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

**તા.૧૬/૦૩/૨૦૨૨ સમયઃ બપોરે ૧૨:૦૦ કલાકે**

**સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**

## –કાર્યવાહી નોંધ–

(મિનિટ્સ)

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ | તા.૧૬/૦૩/૨૦૨૨ |
|---|---|

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વર્ષ: ૨૦૨૧-૨૨ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૧૬/૦૩/૨૦૨૨ના રોજ યુનિવર્સિટી ખાતે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિ અને અનુપસ્થિતિ નીચે મુજબ હતી.:

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | મા. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ | | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ | | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩. | સચિવશ્રી, નાણાં વિભાગ | | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪. | ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી | | સભ્યશ્રી | ગેરહાજર |
| ૫. | મા. ડાયરેક્ટર જનરલશ્રી હર્ષદ પ્ર. શાહ | | સભ્યશ્રી | હાજર |
| ૬ . | ડૉ. નિમિષ એચ. વસોયા<br>એકેડેમિક કાઉન્સિલના સભ્ય | | સભ્યશ્રી | હાજર |
| ૭. | ડૉ. અશોક એન. પ્રજાપતિ<br>એકેડમિક કાઉન્સિલના સભ્ય | | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા. ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૯. | મા. વિવેકભાઈ પટેલ | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૦. | મા. ડૉ. સંજય પટેલ (ડુંગરાણી) | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | મા. પ્રો. ચંદ્રભૂષણ શર્મા | (સરકાર નિયુક્ત) | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૨. | મા. શ્રી ડેનિશા અગ્રાવત<br>નાણાં અને હિસાબી અધિકારીશ્રી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી | | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | મા. ડૉ. અશોક એન. પ્રજાપતિ<br>રજિસ્ટ્રારશ્રી(I/c) | | સભ્ય સચિવશ્રી | હાજર |

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ

તા.૧૬/૦૩/૨૦૨૨

– આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

બાબત ક્રમાંક –૧: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને UGCમાંથી 12B પ્રમાણપત્ર મળેલું છે, જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક –૧: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને UGCમાંથી 12B પ્રમાણપત્ર મળી ગયેલ છે, જે બાબતે સૌ મહાનુભાવો દ્વારા યુનિવર્સિટીની પ્રસંશનિય કામગીરીને બિરદાવવામાં આવી અને મા. કુલપતિશ્રી અને કુલસચિવશ્રીને અભિનંદન આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૨: તા. ૦૮/૦૨/૨૦૨૨ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધ ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક –૨: તા. ૦૮/૦૨/૨૦૨૨ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી નોંધને સર્વાનુમતે ધ્યાને લીધેલ છે. (પેજ ૧ થી ૪)

બાબત ક્રમાંક–3: તા. ૦૮/૦3/૨૦૨૨ના રોજ મળેલ નાણાં સમિતિની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક –3: તા. ૦૮/૦3/૨૦૨૨ના રોજ મળેલ નાણાં સમિતિની કાર્યવાહી નોંધ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (પેજ ૧ થી ૭)

બાબત ક્રમાંક–૪: જાહેરાત ક્રમાંક : ૦૨/૨૦૨૦થી ભરાયેલ શૈક્ષણિક કર્મચારીઓના પ્રોબેશન બાબત.

ઠરાવ ક્રમાંક –૪: જાહેરાત ક્રમાંક : ૦૨/૨૦૨૦થી ભરાયેલ નીચે દર્શાવેલ શૈક્ષણિક કર્મચારીઓના પ્રોબેશન નીચેની વિગતે પૂર્ણ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો/વિષય | નિમણૂક તારીખ | હાજર તારીખ | કપાત પગારી રજા | પ્રોબેશન પૂર્ણ થયા તારીખ | કાયમી કરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રો. ડૉ. ભાવેશજેઠવા | પ્રોફેસર– ગુજરાતી | ૧૭/૦૩/૨૦૨૧ | ૧૭/૦૩/૨૦૨૧ | ૦ | **૧૬/૦૩/૨૦૨૨** | ૧૭/૦૩/૨૦૨૨ |
| ૨. | ડૉ. હેમાંગી મહેતા | એસોસિયેટ પ્રોફેસર હોમ સાયન્સ | ૧૭/૦૩/૨૦૨૧ | ૧૯/૦૩/૨૦૨૧ | ૦ | ૧૮/૦૩/૨૦૨૨ | ૧૯/૦૩/૨૦૨૨ |
| ૩. | ડૉ. અશ્વિન નિસરતા | એસોસિયેટ પ્રોફેસર એજ્યુકેશન | ૧૭/૦૩/૨૦૨૧ | ૨૩/૦૩/૨૦૨૧ | ૦૮ | ૩૦/૦૩/૨૦૨૨ | ૩૧/૦૩/૨૦૨૨ |
| ૪. | ડૉ. મહેશ જારિયા | એસોસિયેટ પ્રોફેસર મેથેમેટિક્સ – વૈદિક | ૧૭/૦૩/૨૦૨૧ | ૨૩/૦૪/૨૦૨૧ | ૦ | ૨૨/૦૪/૨૦૨૨ | ૨૩/૦૪/૨૦૨૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૫. | ડૉ. કૃણાલ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર એજ્યુકેશન | ૧૭/૦૩/૨૦૨૧ | ૧૯/૦૩/૨૦૨૧ | ૦ | ૧૮/૦૩/૨૦૨૨ | ૧૯/૦૩/૨૦૨૨ |
| ૬. | શ્રી દિનેશ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર સમાજ કાર્ય | ૧૭/૦૩/૨૦૨૧ | ૨૨/૦૩/૨૦૨૧ | ૧૦ | ૩૧/૦૩/૨૦૨૨ | ૦૧/૦૪/૨૦૨૨ |

બાબત ક્રમાંક– ૫: વર્ષ ૨૦૨૨–૨૩ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં અભ્યાસકેન્દ્રોનાં જોડાણ માટેની જાહેરાત આપવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૫: વર્ષ ૨૦૨૨–૨૩ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં અભ્યાસકેન્દ્રોનાં જોડાણ માટેની જાહેરાત આપવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક– ૬: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા રાજ્ય કક્ષાની અંડર ૧૧ એથ્લેટિક્સ મીટનું સફળતાપૂર્વક આયોજન પૂર્ણ કર્યા બાબત.

ઠરાવ ક્રમાંક– ૬: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા રાજ્ય કક્ષાની અંડર ૧૧ એથ્લેટિક્સ મીટનું સફળતાપૂર્વક આયોજન પૂર્ણ કર્યા બાબતે અભિનંદન આપવામાં આવે છે.

**બાબત ક્રમાંક – ૭: અધ્યક્ષ અથાનેથી રજૂ થાય તે બાબત.**

બાબત ક્રમાંક–૭(૧): નાણાં સમિતિની યોજાયેલી સર્ક્યુલર મિટીંગની કાર્યવાહી નોંધ ધ્યાને લઈ મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક–૭(૧): નાણાં સમિતિની યોજાયેલી સર્ક્યુલર મિટીંગની કાર્યવાહી નોંધ ધ્યાને લઈને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

બાબત ક્રમાંક–૭(૨): ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પર થયેલ હાઈકોર્ટ મેટર ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૭(૨): ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પર નીચે મુજબના હાઈકોર્ટ કેસ થયેલા છે જે સર્વાનુમતે ધ્યાને લીધેલ છે અને યોગ્ય કાર્યવાહી કરવામાં મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

| Sr. No. | Case Number | Petitioner | Party | Remarks |
|---|---|---|---|---|
| 01 | SCA/12727/2021 | Jignesh Tapariya | State Govt<br>Children's University<br>Ashok Parajapati | Affidavit Submit |
| 02 | SCA/1926 /2022 | Khyati Dave | State Govt<br>Children's University | Case Dismissed by the Court |
| 03 | SCA/4472/2022 | Khyati Dave | State Govt<br>Children's University | |

બાબત ક્રમાંક–૭(૩) :શિશુનિકેતન માટે શૈક્ષણિક સ્ટાફની યુનિવર્સિટીના સ્વ–ભંડોળમાંથી કરાર આધારિત/પ્રવાસી સેવાઓ લેવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૭(૩) : શિશુનિકેતન માટે શૈક્ષણિક સ્ટાફની યુનિવર્સિટીના સ્વ–ભંડોળમાંથી કરાર આધારિત/પ્રવાસી સેવાઓ લેવા સર્વાનુમત્તે મંજૂરી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૭(૪) :ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને Institute of National Importance મળે તે માટે ભારત સરકારમાં દરખાસ્ત કરેલી છે જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૭(૪) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને Institute of National Importance મળે તે માટે ભારત સરકારમાં કરેલી દરખાસ્તને ધ્યાને લેવામાં આવે છે.

બાબત ક્રમાંક–૭(૫) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ પીએચ. ડી. વિદ્યાર્થીઓના નોટિફિકેશન બહાર પાડવામાં આવેલ છે જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૭(૫) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ પીએચ. ડી. વિદ્યાર્થીઓના નોટિફિકેશન બહાર પાડવામાં આવેલ છે જે ધ્યાને લેવામાં આવે છે અને હવેથી વખતો વખત નોટિફિકેશન બહાર પાડવા માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૭(૬) : વેકેશનના નિયમો તૈયાર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૭(૬) : વેકેશનના નિયમો તૈયાર કરવા સર્વાનુમતે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક ૭(૭) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ERP સિસ્ટમ વસાવવા બાબત.

ઠરાવ ક્રમાંક ૭(૭) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ERP સિસ્ટમ વસાવવા અને તેને માટે આનુષંગિક સંપૂર્ણ કાર્યવાહી કરવા માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૭(૮) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત યુનિવર્સિટી ખાતે ધોરણ ૧ થી ૫ શરૂ કરવા બાબત.

ઠરાવ ક્રમાંક– ૭(૮) : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત યુનિવર્સિટી ખાતે ધોરણ ૧ થી ૫ શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

તારીખ : ૧૬/૦૩/૨૦૨૨
સ્થળ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર–૨૦, ગાંધીનગર

કુલસચિવ (I/c)